ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ગમગીનીનો ભાર ઓઢીને, પોઢી ગઈ છે શાંતિ !*
*પંચમહાભૂત જવાળા ઓઢી, પોઢી ગઈ છે શાંતિ !*
*સ્મૃતિઓના સંતાપની પોઢી ગઈ શાંતિ !*
*પરાણે જળ સમાધિ વેંઢી, ને પોઢી ગઈ છે શાંતિ*
*(શ્રીદેવીની સૂનમૂન વિદાય)*

### હાઈકુ

*વિદેશો પણ*
*વેંચે છે કલીનચીટ -*
*ડોલર ભાવે!*

*મળતા નથી,*
*કદી રહસ્યમય્ -*
*મૃત્યુના તાગ!*

### ચિંતન

**વિશ્વસ્ય કર્તા, ભુવનસ્યગોપ્તા ।**

ઉપરોક્ત સૂત્ર મુંડકોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

સંપૂર્ણ વિશ્વનું નિર્માણ અને તેની સુરક્ષા કરવી તે પ્રજાપાલકનું કર્તવ્ય છે.

નિર્મિ અને પાલન આ પ્રજાપતિના કર્તવ્ય છે.

પ્રજાપાલક પોતાના કાર્યક્ષેત્રમાં નવનિર્મિતી કરે અને બધાનું યથાયોગ્ય પાલન પણ કરે. સમાજ તથા રાષ્ટ્રની સુસ્થિતિ વિના નવનિર્મિતી થઈ શકતી નથી. પ્રતિવર્ષ અન્ન ઉત્પન્ન થાય છે, ફળ, ફૂલ નવા થાય છે. નવા નવા પદાર્થ નિર્માણ થાય છે. આનાથી માનવ જીવન રસમય થાય છે. નવનિર્મિદ કરે, અને બધાને સુરક્ષિત કરે, જે ઉત્પન્ન કર્યું છે તેને સુરક્ષા રાખવું જોઈએ. સૌને સુરક્ષા મળવી જોઈએ.

આજે કયારેક ડુંગળી-ટમેટાં - ઘાસતેલ - પાણી - પેટ્રોલ તો કયારેક ખાદ્ય સામગ્રીની કૃત્રિમ અછત ઉભી થાય છે. આમ વેપારીઓ અને સરકારની મિલીભગત હોય છે.

સરકારની ફરજ સરકારે નિષ્ઠાપૂર્વક બજાવવી જોઈએ.

### સુવિચાર

- જ્ઞાનની અંતિમ સિદ્ધિ તે સત્કાર્ય - **જે. કૃષ્ણમૂર્તિ**
- એક શતાબ્દીનું દર્શન જ બીજી શતાબ્દિમાં સામાન્ય જ્ઞાન થાય છે - **સંત રામાનુજ**
- આપણું દુ:ખ જેટલું તીવ્ર હોય તેટલી જ ઓછી જીભ વ્યસ્ત રહેશે - **તાલમુડ**
- સંપત્તિ અનેક મિત્રો ઊભા કરે છે, પરંતુ નિર્ધન પોતાના પાડોશીથી પણ અળગા થઈ જાય છે - **બાઈબલ**
- નિંદા કરનાર કે પીઠ પાછલ બદબોઈ કરનાર વ્યક્તિ માટે મોક્ષનું દ્વાર બંધ છે - **હજરત મોહમ્મદ**
- યથાર્થ અને પ્રમાણિકતા બંને સગી બહેનો છે - **ઈમર્સન**
- આજનું ઔષધ : સફરજન તેમજ ટામેટાનું વધારે સેવન કરવામાં આવે તો ફેફસાની તંદુરસ્તી વધે છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

અદમ્ય સાહસ તથા સકારાત્મક વિચારોનો સ્વામી નેપોલિયન યુદ્ધ કરતો કરતો આલ્પ્સની પર્વતોની તળેટી પર જઈ પહોંચ્યો. આ પર્વતમાળા ખૂબ વિશાળ હતી અને તે ઝડપથી પાર કરી તેની બીજી બાજુએ આવેલા દેશો પર તે વિજય મેળવવા માંગતો હતો. ત્યાં પર્વતની તળેટીમાં એક વૃદ્ધ મહિલા મળી. નેપોલિયને તેને પર્વત પાર કરવાનો રસ્તો પૂછ્યો. પેલી મહિલાએ નેપોલિયનની મજાક કરતાં કહ્યું, 'તમારા જેવા કેટલાયે રાજાઓ સૈન્યો આ દુર્ગમ પહાડી પાર કરવામાં પોતાનું જીવન ગુમાવી ચૂક્યા છે. તું પણ આમાનો જ એક લાગે છે. તું અહીંયાથી જ પાછો વળી જા તેમાં જ તારી શાન છે !'

મહિલાની વાત સાંભળી નેપોલિયન નિરાશ ન થયો, એમે કહ્યું, 'આપની વાતથઈ મારી અંદર આત્મવિશ્વાસમાં ખૂબ વધારો થયો છે. હવે હું વધારે સાવધાન રહી. મારા સૈન્યને વધુ કુશળ બનાવી મારી યોજના તૈયાર કરીશ. અને આ દુર્ગમ પર્વતમાળા પર વિજય મેળવીને જ રહીશ.'

એ મહિલાએ નેપોલિયનનો અટલ વિશ્વાસ જોઈ કહ્યું, 'તારા જેવા સાહસિક તથા બુદ્ધિશાળી લોકો માટે દુનિયામાં કશું જ અસંભવ નથી. મારા આશીર્વાદ છે કે આ પર્વતમાળા તું જરૂર પાર કરે.'

અને ખરેખર એવું જ બન્યું નેપોલિયને એ દુર્ગમ પર્વતમાળા પાર કરી પેલે પારના દેશને જીતી લીધો.

# અમિયલ અમૃતકુંભને વાસના આભડી ગઈ છે

કેરળના એક સામયિકના મૃખપૃષ્ઠ પર બાળકને સ્તનપાન કરાવતી તસવીર પ્રગટ થઈ છે. મીડિયાએ એના મિશ્ર પ્રત્યાઘાત આપ્યા છે. કેટલાકે તંત્રીને આ હિંમતભર્યા પગલા બદલ હાર્દિક ધન્યવાદ આપ્યા છે તો કેટલાક જુનવાણી લોકોને એ તસવીર સુરુચિભંગ કરનારી લાગી છે. સાડી પહેરનારી માતાઓ માટે જાહેરમાં બાળકને સ્તનપાન કરાવવું મુશ્કેલ નથી, કારણ કે તે પેલી સાડીનો છેડો એના વક્ષસ્થળ પર ઢાંકી શકે છે. પરંતુ ડ્રેસ પહેરતી માતા માટે જાહેરમાં શિશુને ધવડાવવાનું અઘરું છે. એને પોતાની છાતી ખુલ્લી કરવી પડે, જે મોટા ભાગના લોકો માટે જોણું બની રહે. બહુ જ ઓછા લોકો આવી ચેષ્ટાને આવકારશે. આ માનસિકતા આપણને વર્ષોથી સંસ્કૃતિમાંથી સાંપડી છે. સ્ત્રીના ન્એ ખાસ અંગનું સર્જન તો શિશુને સ્તનપાન કરાવવા માટે જ થયેલું છે. પરંતુ પુરુષપ્રધાન સમાજે એને શરમનાં ઓઢણાં ઓઢાડી દીધાં છે. સ્ત્રીની ઉભારવાળી છાતી સામે વાસનાભરી નજરે જોનારાઓનો દુનિયામાં તોટો નથી. બલકે ઉભારવાળી છાતી એક તરફ નારીના સૌંદર્યનું માપદંડ બની રહેલ હોય ત્યારે પેલો માતૃત્વવાળો મુદ્દો તો હાંસિયે જ ધકેલાઈ જાય એ સ્વાભાવિક છે. સૌંદર્યની સાચવણીની લાયમાં ઘણી યુવતીઓ બાળકને સ્તનપાન કરાવવા કરતાં ઉપરના દૂધ પર ઉછેરવા લાગી છે. રાજા

**તંત્રીસ્થાનેથી...**

મહારાજાઓ એમનાં રાજવી સંતાનોને સ્તનપાન કરાવવા 'ધાઈ માતા' રાખતા હતા, જેથી રાણીનું સૌંદર્ય અળપાય નહીં!' જયારે તબીબી વિજ્ઞાન તો નવજાત શિશુને છ મહિના સુધી માત્ર અને માત્ર અને માત્ર માતાના દૂધ પર જ રાખવાની ભલામણ કરે છે. સ્ત્રી શરીરને વાસનાનું રમકડું સમજનારા પુરુષ પ્રધાન સમાજે કુદરતે બાળકના પોષણ માટે ગોઠવેલી વ્યવસ્થાને સેક્સના અંગ-ઉપાંગ તરીકે માન્યતા આપી એ કેવી વિડંબના છે!

જો કે પ્રકૃતિમાં કયાંક સ્તનને યૌન સંદર્ભે જોવામાં નથી આવતા ગાય, ભેંસ, ઘોડી, હાથણી, સિંહણ કે કૂતરી - બિલાડીને એ પ્રજાતિનો નર સમુદાય એમના સ્તન સંદર્ભે માદક નજરે નથી જોતો તે સર્વવિદિત છે. એ બધાં પણ યૌન આકર્ષણ તો અનુભવે જ છે, પણ તે માત્ર યૌન અંગો પૂરતું સીમિત હોય છે. વળી એ રોજિંદો વ્યવહાર પણ નથી હોતો. એનો એક સુનિશ્ચિત સંવનનકાળ હોય છે. માનવીનો પૂર્વજ ગણાતો વાનર પણ આ મુદ્દે પ્રાણીઓની જ પંગતમાં બેસે છે. આપણી આદિમ પ્રજા હજી પણ ઉઘાડી છાતીએ ફરે છે. છોટા ઉદેપુરના અંતરિયાળ વિસ્તારોમાં માત્ર કાછોટો વાળેલી ઉઘાડી છાતી વાળી મહિલાઓ હમણાં સુધી એમના પ્રાકૃતિ પરિવેશમાં જોવા મળતી હતી. છેલ્લાં વર્ષોમાં ગ્લોબલાઈઝેશન અને શિક્ષણના વિસ્તારથી એ પ્રજા પણ હવે 'સંસ્કૃત' થઈ ગઈ છે. મૂળે વાત છે માતૃત્વના અમીકુંભ પ્રત્યેની આપણી કહેવાતી સંસ્કારી પ્રજાની અસંસ્કારી અને કુત્સિત દૃષ્ટિની. કવિઓએ નારી સૌંદર્યમાં સ્તનના ઉભારને મોભારે ચડાવી દીધો છે. કાલિદાસે તો આ મુદ્દે પાર્વતી - જગજનનીને પણ નથી છોડ્યા. પાર્વતીના તપની પરીક્ષા કરવા છદ્મવેશે શિવ જયારે મૂળ સ્વરુપે પ્રગટ થાય છે ત્યારે પાર્તવીને કેવો રોમાંચ થાય છે ! કાલિદાસ કહે છે કે એના ઉત્ફુલ્લ ઉરોજથી એનું વલ્કપ ફાટી ગયું : 'સ્તનાભિન્ન વલ્કલા' ! આપણા ગ્રામીણ સમાજની મહિલાઓને હજી બાળકને જાહેરમાં છાતીએ વળગાડતાં શરમ નથી આવતી તે કોઈ નાનું સૂનું આશ્વાસન નથી.

# કુદરતી રસી એટલે શું?



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ

જે દિવસથી આ પૃથ્વી પર અથવા તો આખા બ્રહ્માંડમાં જ્યાં જ્યાં જીવ છે ત્યાં ત્યાં વાતાવરણ છે. શિયાળો – ઉનાળો – ચોમાસુ એ નક્કી છે. એવી જ રીતે જ્યાં જ્યાં જીવ છે ત્યાં બધાં જ પ્રકારના જીવજંતુ, પ્રાણીઓ, વનસ્પતિ વગેરેમાં સાયન્સે સાબિત કરી દીધું છે કે દરેકમાં જીવ છે. એટલે કે જીવતું છે. એ કેવી રીતે જીવે છે તો તરત જ એકી સાથે બધા જ જવાબ આપી દઈશું કે નાના-નાના કોષ વળે શરીર બનતું હોય છે અને તેમાં ચામડી, હાડકું અને અંદરના બધા જ અવયવો કોષને આભારી હોય છે. હવે જેણે પણ આ બ્રહ્માંડની રચના કરી છે તે જીવવા માટે એક બીજા ઉપર આધારિત છે. જેવી રીતે મનુષ્ય જીવવા માટે વનસ્પતિ અને પોતાની રીતે ઉગાડેલ અનાજ ઉપર તેમજ નાના-નાના જીવોને મારીને પોતે જીવે છે. એવી જ રીતે સુક્મ એટલે કે પોતાની આંખે ન દેખાતા હોય એવા બધા જ જીવજંતુ પોતાને જીવવા માટે પોતાનો ખોરાક લેતા હોય છે. હવે વાત એમ બને છે કે એકનો ખોરાક બીજાને માટે હાનીકારક હોય છે અથવા નથી પણ હોતો. પણ બ્રહ્માંડની કોઈપણ સજીવ જીવન પોતાના ખોરાક માટે પ્રયત્ન કરે છે. નાનામાં નાની સુખ્મ વસ્તુ એટલે કે જે આંખે દેખાતી નથી તેને આપણે બેક્ટેરિયા કહી શકીએ. બેક્ટેરિયા આપણે જોઈ શકતા નથી પણ બેક્ટેરિયા હજ્જારો પ્રકારના છે એવું સાબિત થઈ ગયું છે. હવે એક દાખલો લઈએ ધારો કે મનુષ્યને ટાઈફોઈડ થાય છે તો કેવી રીતે થાય છે ? ટાઈફોઈડ સાલ્મોલેલા નામના બેક્ટેરિયાથી થાય છે. આ બેક્ટેરિયા પોતાનું જીવન ટકાવવા માટે ખોરાક અથવા તો પાણીની અંદર પોતાના ખોરાક માટે હંમેશા પ્રયત્ન કરતાં હોય છે. ચોક્કસ પ્રકારના તાપમાને બેક્ટેરિયાનો પુષ્કળ ગ્રોથ થાય છે. એ બેક્ટેરિયા માટે સારું છે. પણ એ બેક્ટેરિયામાં રહેલ ટોકસીન જે મનુષ્ય માટે હાનીકારક છે અને તેને લીધે જે ખોરાક અથવા પાણી માનવજાત ગ્રહણ કરે છે તેને ટાઈફોઈડનો રોગ થાય છે. પહેલાના જમાનામાં જ્યારે દવાઓ હાજર નહોતી ત્યારે લોકોને ટાઈફોઈડ થતો, પણ હજુ પણ એવા જુનવાણી વૃદ્ધો આપણને કહેતાં મળે છે કે અમારા જમાનામાં તો જ્યારે પણ આવો તાવ આવતો ત્યારે કોઈ જ પ્રકારની દવા લેતા નહીં અને ટાઈફોઈડ જેવા રોગમાં કોઈ દવા બજારમાં મળતી નહોતી. વૈદ્યો જેને ટાઈફોઈડ થયો છે તેને આરામ કરવો, વધારે તાવ હોય તો માથે ઠંડા પાણીના પોતા મૂકવા અને, સાદો ખોરાક અથવા પ્રવાહી ઉપર જીવવું અને એમ કર્યાથી જે લોકોની રોગપ્રતિકારક શક્તિ સારી હોય તે લોકોને કોઈ તકલીફ ન પડતી. પણ જે લોકોની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય તો અસંખ્ય લોકોના અકાળે મૃત્યુ થતાં. ટાઈફોઈડમાં જેને પણ ટાઈફોડ થયો હોય એના આંતરડામાં ચાંદા પડે છે અને એ ચાંદામાં બેક્ટેરિયા પોતાનો ગ્રોથ વધારે છે. શરીર પોતાની રોગપ્રતિકારક શક્તિ પ્રમાણે બેક્ટેરિયા જોડે ઘર્ષણ કરે છે. જેની રોગપ્રતિકારક શક્તિ સારી હોય અને દવાઓ મળી જાય તો એને તરત જ સારું થવા મંડે છે અને જેને દવાઓ નથી મળતી અને રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે તે લોકોનું અકાળે અવસાન થતું હોય છે. હવે વાત આમાં વેક્સીનની ક્યાં આવી ? એટલે કે રસી આમાં ક્યાં આવી ? પણ ભાઈ આમાં પણ રસીની વાત છે. શરીર પોતાની જાતે કુદરતી રસી બનાવતું હોય છે. કે જેનાથી ધીમે ધીમે શરીરને બેક્ટેરિયાથી મુક્ત તો બનાવે જ છે પણ ફરીથી આ બેક્ટેરિયાથી તાવ ન આવે એટલે કે એ બેક્ટેરિયાથી રોગપ્રતિકારક શક્તિનો ઉદય થાય છે અને પછી આ ટાઈફોઈડના જંતુઓ ફરીથી શરીર પર કોઈપણ જાતની અસર થતી નથી. એટલે આ ભગવાને બનાવેલી વેક્સીન છે. એટલે શરીર પોતાની જાતે પણ રસી બનાવે છે. એટલે કે કહેવાનું એ છે કે જે બેક્ટેરિયામાં ટોક્સીન હોય છે એ ટોક્સીનની અસર ધીમે ધીમે ખૂબ ઓછી થતી જાય છે. આ જ રીતે શરીરમાં શરદી–ઉધરસ વગેરે પ્રકારના રોગો થતાં હોય છે તેમાં શરીર પોતાની જાતે રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને જેને લીધે અમૂક માણસોમાં ક્યારેય પણ શરદી – ઉધરસ એવા પ્રકારની બિમારીઓ ખૂબ જ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. આને આપણે કુદરતી વેક્સીન પણ કહી શકીએ કે જેનાથી મનુષ્યને લાભ થાય છે. જોકે, આ જાતની કુદરતી રસીકરણમાં કરોડો લોકોના મોત નીપજ્યા છે. તો હવે વાત કરવી છે માણસની. માણસને પણ જે ભગવાને બુદ્ધિ આપી છે એનો ઉપયોગ કરી રસી બનાવવાનું મગજમાં આવ્યું અને મનુષ્યએ રસી બનાવી. આ અંગેની ચર્ચા આવતા અંકમાં કરીશું.

(ક્રમશઃ)

- sgpathlab@gmail.com

# ફેસબૂક ઉપર ઉગેલાં સંવેદનોનું એક લીલુછમ્મ વૃક્ષ : સંવેદનનું સ્ટેટસ

આપણા સાહિત્યમાં રાજ્યાશ્રિત કવિઓની એક આખી પરંપરા યુગોથી ચાલી આવે છે. રાજાશાહી જતા લોકશાહી આવી તો આ પ્રથા સરકારી સેવામાં ફેરવાઈ ગઈ. રાજ્ય સરકારમાં ઉચ્ચ સ્થાને બિરાજતા હોય અને પોતે કવિ / સર્જક હોય એવા ઉચ્ચ અધિકારીઓની પણ એક પરંપરા આપણે ત્યા રહી છે. જો કે સરકારમાં ઉચ્ચ સ્થાને બિરાજતા સર્જકોના સર્જન પ્રત્યે અને એમની સ્વીકૃતિ પ્રત્યે વિવેચકોને કે અન્ય સાહિત્યકારોને હંમેશાં છૂપો અણગમો રહ્યો છે જો કે એની પાછળના કેટલાક કારણો સાચા પણ છે. કેમ કે સરકારમાં ઉચ્ચ હોદા પર બિરાજમાન સર્જકોના બે પ્રકાર છે. પદ આધારિત સર્જક અને કલમ આધારિત સર્જક. ઘણા સર્જકો પદને કારણે પ્રસિદ્ધ થયેલા છે. અનેક કાર્યક્રમોમાં, સમારોહમાં, સેમિનારોમાં કે કવિ સંમેલનોમાં એમની મંચ ઉપર ઉપસ્થિતિ હોય જ છે. અખબારોમાં ને મિડીયામાં પણ તેઓ સતત ચમકતા રહેતા હોય છે. અને ક્યારેક તો આવા પદ આધારિત સર્જકો વણકલ્પ્યા પ્રતિષ્ઠિત પુરસ્કારો પણ લઈ આવે છે. અને બીજો પ્રકાર છે કલમ આધારિત સર્જક – જેઓ માત્ર પોતાની કલમની તાકાતથી જ આગળ વધે છે. ક્યારેય પદનો ઉપયોગ કરતા નથી. ક્યારેય ખોટી પ્રસિદ્ધિ કે પુરસ્કારો પાછળ ભાગતા નથી. કલમમાંથી જે શબ્દ નીકળે એ જ એમની પ્રસિદ્ધિ અને પુરસ્કાર હોય છે. આવા જ એક સરકારમાં ઉચ્ચ સ્થાને બિરાજમાન કલમ આધારિત સર્જક છે શ્રી રમેશ ઠક્કર જેઓ સરકારમાં શ્રી આર. આર. ઠક્કરના નામે ઓળખાય છે. આ સર્જકને મળીએ તો એમના સરળ સ્વભાવને કારણે લાગે જ નહીં કે તેઓ એડિશનલ કલેકટર હશે. ચહેરા ઉપર હંમેશાં સ્માઈલ અને અવાજમાં એક હૂંફાળો રણકો લઈને આ સર્જક પોતાની સરકારી ઓફિસમાં જ્યા જાય ત્યા સૌને પોતાના બનાવી લે છે.

શ્રી રમેશ ઠક્કરના બાર જેટલા પુસ્તકો પ્રગટ થયા છે. જેમાં ત્રણ કાવ્યસંગ્રહ છે. એક લઘુકથા સંગ્રહ, ત્રણેક લેખ સંગ્રહ, એક લલિત નિબંધ સંગ્રહ, ત્રણેક સંપાદનો છે. પરંતુ તેમનું એક પુસ્તક જરા હટકે છે. જેના પ્રાગટ્યનું નિમિત્ત ફેસબૂક બન્યું છે. આ પુસ્તકનું શીર્ષક પણ કેટલું રૂપાળું છે – સંવેદનનું સ્ટેટસ

આપણે સૌ જાણીએ છીએ કે આજકાલ ફેસબૂક ઉપર ઘણા સર્જકો ખૂબ જ સક્રિય રીતે સર્જન કરી રહ્યા છે. કેટલાકે તો પોતાની કલમની તાકાતથી ફેસબૂક ઉપર પોતાનો એક ચાહક / ભાવક વર્ગ બનાવી લીધો છે. અનેક લોકોનું ધ્યાન પોતાની તરફ ખેચ્યું છે. આ સર્જક પણ સાહિત્યના કોઈપણ સ્વરૂપની આંટીઘુંટીમાં પડ્યા વિના છેલ્લા ઘણા વર્ષથી પોતાની સંવેદનાને અવાર નવાર ફેસબૂક ઉપર 'સ્ટેટસ' બનાવીને પોસ્ટ કરતા રહ્યા છે. જે વાંચીને અનેક ભાવકો/ચાહકોએ ખુબ સારો પ્રતિભાવ પણ આપતા રહે છે.




ફેસબૂક ઉપર ઊગેલાં સંવેદનોનું એક આખું લીલુછમ્મ વૃક્ષ એટલે – સંવેદનનું સ્ટેટસ. આ પુસ્તકમાં સંવેદનના કુલ ૧૧૬ જેટલા સ્ટેટસ છે. જેનો આરંભ જ એક ઈસ્ત્રીવાળાના મનમાં રહેલા દેશપ્રેમની સંવેદનાથી થાય છે. સર્જકના પોતાના ૧૫મી ઓગષ્ટે પહેરવાના સૂટના ઈસ્ત્રીના પૈસા નહી લઈને દેશ પ્રત્યે પોતાની નાની એવી ફરજ અદા કરતો એ ઈસ્ત્રીવાળો માણસાઈની કેટલી ઊંચાઈ સુધી પહોંચી જાય છે. અહીં પરમ તત્વ પ્રેમના રસાયણની વાત છે, ચોમાસામાં પોતાનું વતન કમાલપુર દ્વિપકલ્પ બનવાનું શબ્દદશ્ય આપણને પણ ભીંજવી દે છે, દાંતીવાડા ડેમને કારણે નદી બનાસ રણ બન્યાનું સૌન્દર્યસભર આલેખન કરીને બાળપણના – કિશોરાવસ્થાના સંસ્મરણો દ્વારા 'સરસ્વતીચન્દ્ર' ફિલ્મની વિગતે વાત રજુ કરીને સર્જક પોતાની સાહિત્યિક રૂચિને દર્શાવે છે. તો વળી નર્મદા કેવડિયા કોલોનીના લાગણીના તાંતણે બંધાયેલા સંસ્મરણો, કવિ કલાપી વિશેની વિગતો, વરસાદમાં પલળવાની પૂલકિતતાનું પ્રાગટ્ય, દામ્પત્યજીવનમાં જોડીનું માહત્મ્ય, સારપની મધુરપ, દોસ્તી બસ લાગણીનું ધામ છે. એમ કહી પન્નાલાલ પટેલની 'સુખ દુઃખના સાથી' વાર્તાના બે અપંગ - અસહાય ભિખારી પાત્રોની દોસ્તીની વાત, રામ - વિભીષણ, કૃષ્ણ-સુદામા, ગાંધી-અબ્દુલ ગફાર, દલપતરામ-ફાર્બસ... વગેરે અનેક યાદગાર દોસ્તીની વાતને ભાવનાત્મક રીતે રજુ કરે છે. તો વળી સરદાર વલ્લભભાઈ પટેલ, ભાષા અને બોલી, પુસ્તકોનું પરિશીલન, સંબંધોની પરિભાષા, શિક્ષણનું મહત્વ, રખડપટ્ટીની મજા, પ્રેમમાં સમર્પણ, શૈશવની સ્મૃતિ, જન્મ દિવસ, પ્રકૃતિનો વૈભવ, કનૈયાલાલ મુનશી, લખવું એટલે વલખવું, શબ્દનું ગૂઢ રસાયણ, ગામડાનો ખોવાયેલો ધૂળિયો વૈભવ, કોઠાસૂઝની પરીક્ષા, શ્રદ્ધાને આપેલું દીવાદાંડીનું કલ્પન... આ બધા જુદા જુદા નવ્ય વિષયો, સંવેદનો અને કલ્પનો આ સર્જકની સર્જકતાના વિશેષો છે. ભાવકોને એ વાંચવા ગમે છે કેમ કે એમાં કોઈ ખોટું લંબાણ કે વધારે પડતું વર્ણન નથી. લેખકને જે સંવેદન સંવેદાવું છે તે એકદમ ઓછા અને સચોટ શબ્દોમાં રજું કરી દે છે.



## મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

આ પુસ્તકમાં સર્જક જાતને પણ સવાલ કરી છે કે 'કવિતાના સરનામે તને શું મળ્યું ?' તો જવાબ પણ પોતે જ આપે છે કે 'મબલક મિત્રો, પુસ્તકોનું પરિશીલન, વિશ્વની વ્યાપકતા, અવ્યક્તતાનું અસીમ આકાશ, પૃથ્વીની વિશાળતા, પગદંડીથી એક્સપ્રેસ વે સુધીનો પ્રવાસ, કોઈ મનગમતો સહવાસ, ઊર્મિઓનો આવાસ'આવી વાત કરીને આ એડિશનલ કલેકટર સર્જક કવિતાને કેટલી ભવ્યતા આપીને માતૃભાષાનું ગાન પણ ગાય છે. તો વળી સરકારી નોકરીને કારણે ક્યારેક એકલા રહેવાથી અનુભવાયેલી એકાંતવાસની અભિવ્યક્તિના અનેક સ્તરો સંવેદનાત્મક રીતે ખોલી આપે છે. ઘણી જગ્યાએ વતન કમાલપુર અને બ્યાસી વર્ષના 'બા' સાથેના સંસ્મરણો ગદ્ય – પદ્ય પ્રવાહમાં વહી આવ્યા છે. પોતાના અંગત સ્વાનુભવો, પરિવાર સાથેના સંસ્મરણો અને પોતાની અંગત આસ્થાના આરાધ્ય દેવ શ્રી જલારામ બાપા પ્રત્યેની અતૂટ શ્રદ્ધાની સરવાણી પણ અહીં અનુભવી શકાય છે. તો વળી આ સર્જક વ્યક્તિની ઓળખ કેટલી સાહજિકતાથી આપે છે, તેઓ કહે છે કે 'જે છલકાઈ શકે છે એ જ મલકાઈ શકે છે 'આપણી અંદરના આયામને સાવ નાની એવી વાતથી ખોલી આપે છે. તો વળી તેઓ કહે છે' આપ્તજન જેવું જેનું આલિંગન છે એવા શિયાળાનો ઠાઠનો વૈભવ આપનાર સર્જક વ્યક્તિમાં રહેલા માલિકીપણાના ભાવને પણ અરિસો ધરી દે છે. રણના સૌન્દર્યમાં પથરાતા સન્નાટા અને પ્રચંડ સૂનકારના સૂરને કાવ્યભાષા દ્વારા પ્રસ્તુત કરીને સર્જક આત્મખોજમાં આંતરિક વિશ્વના ઊંડાણ સુધી વિસ્તરીને શબ્દોની રૂપાળી સૃષ્ટિથી મોહિત પણ થતા અનુભવાય છે.

અહીં ધોળાવીરા, નર્મદા વિશેના લઘુ સંવેદનો છે. તો વળી ઉદાસી

**અનુસંધાન પાના નં. ૭ પર**

# શ્રીનું મોત અને મીડિયા રીપોર્ટીંગ : ડૂબી મરો!

'ભારતીય મીડીયાએ શ્રીદેવીની મોતની ટ્રાયલ શરુ કરી દીધી છે' આવું આપણા કોઈ અખબાર નહિ પણ અમેરિકાના પ્રતિષ્ઠિત અખબાર વોશિંગટન પોસ્ટે લખેલું...! વોશિંગટન પોસ્ટની આ ખબરના શબ્દે શબ્દમાં સચ્ચાઈ છે અને આ સચ્ચાઈ પાછળનું કારણ પણ આપણું મીડિયા જ છે ...! દેશથી દુર વિદેશી હોટેલમાં હિન્દી સિનેમાની અગ્રીમ અને કરોડો હિન્દી ફિલ્મ ચાહકોની માનીતી અભિનેત્રી રહસ્યમય સંજોગોમાં મૃત્યુ પામે તો સ્વાભાવિક છે કે એના મોતનું રહસ્ય જાણવાની તાલાવેલી એના ચાહકોને હોવાની જ ...પણ અફસોસ એ વાતનો થયો કે જે રીતે મીડિયા અને સોશિયલ મીડિયા પર એ આખીયે ઘટનાની ચીરફાડ થઈ એનાથી પત્રકારિતા અને સમાચાર રજુ કરવાના માપદંડ પર એક સવાલિયા નિશાન જરૂરથી લાગી ગયું...! ટીઆરપી અને બ્રેકીંગ ન્યુઝના જમાનામાં જીવતી ન્યુઝ ચેનલો અને અખબારોએ શ્રીદેવીના મોતનું રિપોર્ટીંગ સેન્ટીમેન્ટલ ઓછું અને સેન્સેશનલ વધુ કર્યું ...અને આ હું નહિ પણ શ્રીદેવીના ચાહકોથી લઈને શ્રી ને જાણનારા અને શ્રી ના અંગત લોકોનું પણ માનવું છે ..!

ટીઆરપી અને 'અમે સૌથી પહેલા' કે પછી ' ઓન્લી ઓન ધીસ ચેનલ' કે પછી 'એકસક્લુઝીવ ઓન ...' ના રૂપકડા લેબલો અને કોઈ સસ્પેન્સ થ્રીલર ફિલ્મમાં હોય તેવા બેકગ્રાઉન્ડ મ્યુઝીક સાથે શ્રી ના મોતના સમાચારની એક એક નાની નાની વાતોને જે રીતે આપણા મીડીયાએ પેશ કરી એ જોયા પછી ચોક્કસ એમ સવાલ થાય કે દરેક સેલીબ્રીટી મોત કે એવી જ કોઈ ઘટના મીડિયા માટે અને ખાસ કરીને ઈલેક્ટ્રોનિક મીડિયા અને સોશિયલ મીડિયા માટે શું માત્ર તમાશો છે ? કે શું માત્ર દર્શકોને યેનકેન પ્રકારેણ પોતાની ચેનલ સાથે બાંધી રાખવાનો એકમાત્ર ઉપાય છે ? કે છે શું આ ખરેખર ' ખબરો કી ખબર ..?' શ્રીના મોતના સમાચારોના નોનસ્ટોપ લગભગ ૭૨ કલાક જેવા પ્રસારણ પછી ખબરોના દર્શક વર્ગનો એક જ સવાલ હશે કે શું આ જ છે સાચું પત્રકારત્વ? શું આ જ છે કોઈ પણ સેન્સેટીવ ઘટનાનું બતાવી શકાય એવું રિપોર્ટીંગ? શું ટીઆરપીની લાલચમાં ભોગ બનનાર વ્યક્તિના પરિવારજનોની ભાવનાનો ભોગ લેવાય છે કે નહિ ..?

એવું નથી કે આવું પ્રથમ વાર જ બન્યું છે કે માત્ર ભારતીય મીડિયામાં જ બન્યું છે, વિદેશોમાં પણ બને છે જ પણ બીબીસી કે સીએનએન જેવી ચેનલો પર આવી જ કોઈ ઘટના વખતે જેને કહેવાય ને કે 'સેલ્ફ સેન્સરશીપ' એ ઉડીને આંખે વળગતી હોય છે જેનો ભારતીય મીડિયામાં સંપૂર્ણ અભાવ જોવા મળે છે ..! બેશક મીડીયાનું કામ સમાચાર આપવાનું જ હોય છે પણ એ ખરેખર સમાચાર હોવા જોઈએ ..! વિશ્લેષણ કરવાનું કામ મીડીયાનું ચોક્કસ હોય શકે પણ એમાં તથ્યો હોવા જોઈએ ..! પણ શ્રીના મોતના સમાચારો જે રીતે સમાચાર ચેનલોએ રજુ કર્યા એ જોઈને ખરેખર એક પ્રશ્ન થાય કે મીડિયા ટ્રાયલ દર્શકો માટે ચલાવે છે ? ખરેખર સમાચારો માટે ચલાવે છે ? કે પછી માત્રને માત્ર ટીઆરપી માટે ? ચાલો માની લઈએ કે ટીઆરપી એ આજની સમાચાર ચેનલોની આવક માટેનું ફરજીયાત જરૂરીયાત છે તો પણ શું કોઈ જ તથ્યો કે ઠોસ પુરાવા વગર કોઈને અપરાધી બતાવી દેવા કે પછી ભોગ બનનાર વ્યક્તિનું ચરિત્ર ચિત્રણ કરવા માંડવું કે પછી નામ પણ સાંભળ્યા ના હોય એવા વિશેશ્ગનોને સ્ટુડીયોમાં બોલાવીને મારી મચડીને પોતાની લીટી સાચી કરવા માંડવી એ સમાચાર છે ? એ પત્રકારિતા છે ?

આખોયે લેખ એકપક્ષી ના લાગે એટલે માટે શ્રીના મોતને કઈ કઈ રીતે ન્યુઝ ચેનલોએ રજુ કરી એના થોડા ઉદાહરણો પણ જોઈ લો એટલે એમ નાં લાગે કે બેચારે ન્યુઝ્વાલે બેકસુર હૈ ..! શનિવારે રાત્રે આ ન્યુઝ બ્રેક થયા એ પછીથી શરૂઆતી દોરમાં કાર્ડીઅક એરેસ્ટની વાત થઈ. ઘણી ચેનલોએ શ્રી ની કોસ્મેટીક સર્જરી અને ડાયટ પીલથી શરૂઆત કરી અને એના લીધે કાર્ડીઅક એરેસ્ટ સુધી પહોચી ગયા ..! ચેનલોના સ્ટુડીયોમાં કોસ્મેટીક સર્જનો એના લાભાલાભ ચર્ચવા માંડ્યા ..! વાત કાર્ડીઅક એરેસ્ટથી બાથટબમાં ડૂબવા સુધી આવી તો ચેનલો એ ' મૌત કા બાથટબ 'બતાવવા શરુ કરી દીધા , ટબની ઊંડાઈથી લઈને આમાં કોઈ ડૂબી શકે કે નહિ એના પર સ્પેશિયાલીસ્ટો ચર્ચા કરવા માંડ્યા ...! એક એન્કર તો રીતસર બાથટબમાં જ બેસીને સમજાવા લાગેલો તો કોઈએ ગ્રાફિક બનાવીને બાથટબમાં તરતી શ્રી અને એની પાસે ઉભેલો બોની પણ બતાવી દીધેલો ..! ઘણી ચેનલો તો અમરસિંહ જેવા રાજકારણીઓ સુધી પણ પહોચી ગઈ માત્ર એ જાણવા માટે કે શ્રી શરાબ પીતી હતી કે નહિ ? અને જો પીતી હતી તો કઈ બ્રાન્ડની ? બોનીના પાસપોર્ટ જપ્ત થવાના સમાચાર આવ્યા તો ચેનલો પર બોની અને શ્રી ની પ્રેમકહાનીની સાથે સાથે જ બંને વચ્ચે કોઈ અણબનાવ કે પછી હત્યાની થીયરી સુધી 'ન્યુઝ ડિટેકટીવો' પહોચી ગયા ...! લગભગ દરેક ચેનલો પાસે બીજી ચેનલોથી કશુક જુદું કશુક 'એક્સક્લુઝીવ' હતું ...! પછી ચાહે એ શ્રી ની સમ્પતિ હોય કે પછી બોની દેવાળિયો થઈ ગયો છે હોય કે પછી શ્રી ની અંગત જિંદગી વિષે હોય કે પછી શ્રીનું જ્યાં મોત થયું એ હોટેલ વિષે હોય ...! અને સૌથી મજાની અને સમાચારની ભાષામાં 'અન-ઓફીશીય્લ ' વાત એ હતી કે આમાંથી કોઈ પણ પાસે ઓફિસિયલ માહિતી તો હતી જ નહિ... બસ બધા જ દુબઈ પોલીસે ઈસ્યુ કરેલ ડેથ સર્ટી કે બીજા કાગળોને આધારે નોન-સ્ટોપ સ્ટોરીઓ ચલાવતા હતા ...! આને પત્રકારત્વની ભાષામાં ' ટેબલ સ્ટોરી ' કહેવાય છે. એનાથી પણ મજાની વાત એ છે કે જેવું દુબઈ ઓથોરીટીએ એન.ઓ.સી. આપ્યું અને કેસ ક્લોઝ કરવાની જાહેરાત કરી એ સાથે જ લગભગ બધી જ ચેનલોએ છેલ્લા બે-ત્રણ દિવસથી એમણે ચલાવેલી હત્યા-શરાબ-ટેન્શન જેવી સ્ટોરીઓને એક ઝાટકે જ પૂર્ણવિરામ આપી દીધું ...! ઈનફેક્ટ શ્રી ની સ્મશાનયાત્રાના દિવસે જ ચિદમ્બરમના પુત્રની સીબીઆઈએ ધરપકડ કરી તો લગભગ રિપબ્લિક અને ટાઈમ્સનાઉ જેવી ચેનલો તો શ્રી ની બદલે ચિદમ્બરમવાળું નોનસ્ટોપ ચલાવવા લાગ્યા ...!



## રઝળપાટ

અજય ઉપાધ્યાય

યસ, ન્યુઝ ચેનલો માટે કોઈ સમાચાર ત્યાં સુધી જ સમાચાર અને ચલાવવા લાયક સમાચાર છે કે જ્યાં સુધી બીજી કોઈ ઘટના બને નહિ, જેવી બીજી કોઈ ઘટના બને કે આગલા સમાચાર ધીરે ધીરે ચાર્મ ગુમાવવા માંડે ...! 'આપણે આપણા માટે સેન્ટીમેન્ટલ છીએ પણ બીજા માટે જજમેન્ટલ' બેશક શ્રી જેવી લોકપ્રિય અભિનેત્રીના નિધન પર લોકોની જીજ્ઞાસા વધી જાય અને એને સંતોષતા સમાચારો રજુ કરવા માધ્યમોની ફરજ પણ ગણાય પરતું એ જીજ્ઞાશા સંતોષવામાં ને સંતોષવામાં માધ્યમો બે ડગલા આગળ જતા રહ્યા અને સરવાળે પોતાની આબરૂ હાંસીપાત્ર થઈને ખોઈ બેઠા..! આ વાંચો સમાચાર માધ્યમના જ લોકોએ આ કોઈ પણ તથ્યો વગર નોનસ્ટોપ ચાલેલા મીડિયા ટ્રાયલ વિષે શું કહ્યું એ . બરખા દત્તે તો કહ્યું કે આવી ગંદકીને કાઢવા ટબ નહિ પણ ડ્રેનેજ લાઈન પણ ઓછી પડે. વીર સંઘવીએ તો ભારતીય ટીવી ચેનલોને ગીધ સાથે સરખાવી દીધી તો ઈન્ડિયન એક્સપ્રેસની કોલમિસ્ટ શુભ્રા ગુપ્તા કહે છે કે ૨૦૧૮ની સાલમાં કોઈ મહિલા શરાબ પીવે છે કે નહિ એની ચર્ચા કરવી એ સમાચાર નથી જ...! 'ન્યુઝ કી મૌત 'એવા હેશટેગ સાથે શોશિયલ મીડિયા પર અનેક વરિષ્ટ પત્રકારોએ આવા રીપોટર્ગ્રગની આલોચના પણ કરી..! ચાલો એક વાર એ પણ માની લઈએ કે છાનબીન કરવી અને ઈફ અને બટસ બતાવવા મીડિયાની ફરજ છે પણ એના પર વધુ વિશ્વાસ ત્યારે બેસે જ્યારે એ અટકળો અને આશંકાઓ ખરેખર સાચી પડે ...! પણ જ્યારે દર્શકોને માલુમ થાય કે આપણને બતાવેલું લગીર પણ સત્ય નહોતું તો એને ખરેખર 'ન્યુઝ કી મૌત' જ કહેવાય...!

વિસામો :

શુકર કરો કે શ્રી ના મોતની 'મીડિયા ટ્રાયલ' ની વચ્ચે વચ્ચે ચેનલોએ બિહાર બીજેપી નેતાએ જીપથી કચડેલા ૯ બાળકો અને પીએનબી ગોટાળા અને નીરવ મોદીને પણ યાદ કરેલા ....!